# વસતિ ગણતરી 2010: દક્ષિણ એશિયન આંક!

**1. 2010 ની વસતિ ગણતરી શું છે?**
2010 ની વસતિ ગણતરી એ નાગરિકો, દેશાગતો અને દેશાગમન દરજ્જા વિનાની વ્યકિતઓ સહિત યુનાઈટેડ સ્ટેટસમાં રહેતા તમામ લોકોનો આંક છે. યુ.એસ. વસતિ ગણતરી કાર્યાલય, ફેડરલ સરકારી સંસ્થા, દર દશ વર્ષે રાષ્ટ્રીય વસતિ ગણતરીનો વહીવટ કરે છે.

**2. વસતિ ગણતરી કેવી રીતે કરાય છે?**
અમેરિકામાં દરેક પરિવારને માર્ચ 2010 માં વસતિ ગણતરી ફોર્મ મળશે. તમારે 1લી એપ્રિલ, 2010 સુધીમાં તે ફોર્મ પૂરેપૂરું ભરીને મોકલી આપવાનું રહેશે.




**3. શા માટે *તમારે* વસતિ ગણતરીમાં ભાગ લેવો જોઈએ?**
અહીં તે માટેનાં ત્રણ કારણો છે:
**1. વસતિ ગણતરી મારફત એકત્રિત માહિતી તમારા રોજ-બ-રોજના જીવન અને પાડોશને અસર કરે છે.** વસતિ ગણતરીની વિગતો પરથી તમારા સમાજમાં સરકારે માર્ગો, શાળાઓ અને હોસ્પિટલો કયાં બાંધવી તે નક્કી કરાય છે.
**2. વસતિ ગણતરી મારફત એકત્રિત માહિતી રાજકીય સત્તાને અસર કરે છે.** તમારા જિલ્લામાંથી કેટલા પ્રતિનિધિઓ કોંગ્રેસમાં હશે તે તેનાથી નક્કી કરાય છે.
**3. વસતિ ગણતરી મારફત એકત્રિત માહિતી દક્ષિણ એશિયનોને અસર કરે છે.** કયાં રાજ્યોમાં સૌથી વધુ દક્ષિણ એશિયન વસતિ છે? અથવા કેટલા દક્ષિણ એશિયનો દેશમાં છે? શું તમે તે જાણવા માગો છો. વસતિ ગણતરી આ માહિતી પૂરી પાડશે.

**4. વસતિ ગણતરી 2010ના ફોર્મમાં શું પૂછવામાં આવે છે?**
ફોર્મમાં માત્ર દશ પ્રશ્નો પૂછાય છે. પ્રશ્નો નીચેની બાબતોને લગતા છે:
- તમારા ઘરમાં કેટલા લોકો રહે છે
- તમે ભાડાથી કે માલિકીના ઘરમાં રહો છો
- તમારી જાતિ
- તમારો વંશ
- તમારી ઉંમર
- તમારો ટેલિફોન નંબર

**5. શું વસતિ ગણતરી કાર્યાલય મારી માહિતીને અન્ય સરકારી સંસ્થાઓ સાથે વહેંચે છે?**
વસતિ ગણતરી કાર્યાલયે જણાવ્યું છે કે વસતિ ગણતરી ફોર્મો પરથી એકત્રિત કરેલી માહિતી ગુપ્ત રહેશે અને બીજી કોઈ સરકારી હસ્તિ સાથે વહેંચવામાં આવશે નહીં.



**6. શું વસતિ ગણતરી ફોર્મ પૂરું કરવામાં મને મદદ મળી શકશે?**
હા! તમને મળી શકશે:
–સ્થાનિક *પ્રશ્નાવલિ સહાય કેન્દ્ર*ની (QAC) મુલાકાત લો અથવા ફેબ્રુઆરી 2010 અને એપ્રિલ 2010ની વચ્ચે તમારા સમુદાયની જગ્યાએ મદદ માટે *સંપર્ક કરો*. તમારી પ્રાદેશિક વસતિ ગણતરી કચેરીનો સંપર્ક કરીને તમે તમારી સૌથી નજીકના સ્થળને શોધી શકશો. (http://bit.ly/92byLF પર યાદી મળી શકે છે)
–*ભાષા સહાય માર્ગદર્શિકા*નો ઉપયોગ કરો જે ફોર્મમાં પ્રશ્નોનું ભાષાંતર કરે છે. માર્ગદર્શિકાઓ બંગાળી, ગુજરાતી, હિંદી, મલાયલમ, નેપાળી, પંજાબી, તામિલ, તેલુગુ અને ઊર્દૂ સહિત (http://bit.ly/dIIn1 જુઓ) વિવિધ દક્ષિણ એશિયન ભાષાઓમાં પ્રકાશિત કરી છે.
–૧.૮૬૬.૮૭૨.૬૮૬૮ પર વસતિ ગણતરી કાર્યાલયનો સંપર્ક કરવો.



**7. હું 1લી એપ્રિલ, 2010 સુધીમાં વસતિ ગણતરી ફોર્મ પરત ન કરું તો શું થાય?**
મે 2010 અને જુલાઈ 2010ની વચ્ચે વસતિ ગણતરી કાર્યકરો, જેમણે વસતિ ગણતરીને જવાબ ન આપ્યા હોય તેવા કુટુંબોની, ફોર્મ પર પૂછેલી માહિતી મેળવવા મુલાકાત લેશે. વધુમાં, વસતિ ગણતરી કાર્યકરો, તેઓને તમારા ફોર્મ અંગે કોઈ પ્રશ્ન હોય તો તમારી મુલાકાત લઈ શકશે. વસતિ ગણતરી કાર્યકરોએ એકઠી કરેલી માહિતી, બીજી કોઈ સરકારી હસ્તિ સાથે વહેંચવામાં આવશે નહીં.

**હકીકતપત્રિકા સાઉથ એશિયન અમેરિકન લિડીંગ ટુગેધર દ્વારા પૂરી પાડવામાં આવી છે, જે રાષ્ટ્રીય બિન-નફાકારક સંસ્થા છે. વસતિ ગણતરી 2010 અંગે વધુ માહિતી માટે, અમારી ભાષાંતર કરેલ હકીકતપત્રિકા અને સહાય મેળવવા, અમારો 301.270.1855 કે SAALT@SAALT.ORG પર સંપર્ક કરવા વિનંતી.**

# વસતિ ગણતરી 2010 અને વંશીય પ્રશ્ન

## 1. વસતિ ગણતરી ફોર્મ પર વંશીય પ્રશ્ન કેવો લાગે છે?

વસતિ ગણતરી ફોર્મ પર વંશીય પ્રશ્ન આ પ્રમાણે લાગે છે:

**9. વ્યકિત ૧ની કઈ જાતિ છે?** *એક કે વધુ ખાનામાં* ☒ *નિશાની કરો.*

- ☐ શ્વેત
- ☐ અશ્વેત, આફ્રિકન અમેરિકન, અથવા નીગ્રો
- ☐ અમેરિકન ભારતીય કે અલાસ્કાના વતની — *નોંધાયેલ કે મુખ્ય આદિવાસીનું નામ લખો.*
- ☐ એશિયન ભારતીય
- ☐ ચાઈનિઝ
- ☐ ફિલિપાઈન
- ☐ જાપાનીઝ
- ☐ કોરિયન
- ☐ વિયેટનામી
- ☐ હવાઈનના વતની
- ☐ ગુઆમેનિયન અથવા ચામોરો
- ☐ સામોઅન
- ☐ અન્ય એશિયન — *જાતિ લખો, ઉદાહરણ તરીકે હ્મોંગ, લાઓશિયન, થાઈ, પાકિસ્તાની, કમ્બોડિયન, અને એ રીતે.*
- ☐ અન્ય પેસિફિક ટાપુવાસી — *જાતિ લખો, ઉદાહરણ તરીકે, ફિજિયન, ટોંગન અને એ રીતે.*
- ☐ કેટલીક અન્ય જાતિ — *જાતિ લખો.*

## 2. વંશીય પ્રશ્નનો જવાબ આપવો શા માટે અગત્યનો છે?

વંશીય પ્રશ્ન, આજે અમેરિકામાં રહેતી વિવિધ કોમો અંગે મહત્વની માહિતી પૂરી પાડે છે. વંશીય પ્રશ્નનો જવાબ આપવામાં, તમે કોણ છો તેનું ઉત્તમ રીતે પ્રતિબિંબ પાડતો જવાબ પસંદ કરવો.

## 3. વસતિ ગણતરીમાં દક્ષિણ એશિયનોનું કેવી રીતે વર્ગીકરણ કરાય છે?

ખાસ કરીને, દક્ષિણ એશિયનોને એશિયન વંશની કક્ષાના ભાગ તરીકે વર્ગીકૃત કરાય છે. વંશીય પ્રશ્નમાં, એશિયન ભારતીયો સહિત યાદીબધ્ધ કરેલ વિવિધ એશિયન જૂથો આવી જાય છે. તમે યાદીમાં તમારા જૂથને ન જુઓ તો (ઉદાહરણ:પાકિસ્તાની, બાંગ્લાદેશી, શ્રીલંકાવાસી, નેપાલી) તમારી પાસે, 'અન્ય એશિયન' ખાનાને તપાસવાનો અને તમે સંલગ્ન હોવ તે જૂથમાં લખાવવાનો વિકલ્પ રહે છે. વસતિ ગણતરી, તમામ એશિયનો માટે વસતિ નંબર પૂરો પાડશે અને કેટલાક ચોક્કસ એશિયન જૂથો માટે વધુ વિગતવાર વિભાજન પૂરું પાડશે.

## 4. હું ભારતીય, પાકિસ્તાની, બાંગ્લાદેશી, શ્રીલંકાવાસી કે નેપાલી તરીકે ગણાવવા માગતો હોઉં તો વંશીય પ્રશ્નનો જવાબ મારે કેવી રીતે આપવો જોઈએ?

-ભારતીય તરીકે ગણાવવા માટે → 'એશિયન ભારતીય' ખાનામાં ચોકડીની નિશાની કરો.
-પાકિસ્તાની તરીકે ગણાવવા માટે → 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને તેમાં 'પાકિસ્તાની' લખવું.
-બાંગ્લાદેશી તરીકે ગણાવવા માટે → 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને તેમાં 'બાંગ્લાદેશી' લખવું.
-શ્રીલંકાવાસી ગણાવવા માટે → 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને તેમાં 'શ્રીલંકાવાસી' લખવું.
-નેપાલી તરીકે ગણાવવા માટે → 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને તેમાં 'નેપાલી' લખવું.
**નોંધ**: તમે 'એશિયન ભારતીય' ખાનામાં ચોકડીની નિશાની કરો અને 'અન્ય એશિયન' ખાના હેઠળના પ્રતિભાવમાં લખો, તો તમારો વંશ માત્ર 'અન્ય એશિયન' તરીકે જ સંકેતબદ્ધ થયેલો ગણાશે.



## 6. હું દ્વિ-વંશી કે બહુવંશી છું. મારે શું કરવું જોઈએ?

તમે એક કરતાં વધુ વંશીય કક્ષાઓના ખાનામાં ચોકડીની નિશાની કરી શકો છો.

## 5. હું ઈન્ડો-કેરેબિયન, ઈન્ડો-ટ્રિનિડેડિયન કે ઈન્ડો-ગુયાનીઝ તરીકે ગણાવવા માગતો હોઉં તો વંશીય પ્રશ્નનો જવાબ મારે કેવી રીતે આપવો જોઈએ?

વસતિ ગણતરી, આ જૂથોને અલગ જણાવતી નથી.
-તમે 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને 'ઈન્ડો-ગુયાનિઝ' માં લખો, તો તમારો પ્રતિભાવ એશિયન ભારતીય તરીકે ગણાશે.
-તમે 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને 'ઈન્ડો-કેરેબિયન' માં લખો, તો તમારો પ્રતિભાવ એશિયન ભારતીય અને અશ્વેત/આફ્રિકન અમેરિકન એમ બંને તરીકે ગણાશે.
- તમે 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને 'કેરેબિયન' કે 'ટ્રિનિડેડિયન' માં લખો, તો તમારો પ્રતિભાવ અશ્વેત/આફ્રિકન અમેરિકન એમ તરીકે ગણાશે.
- તમે 'અન્ય એશિયન' ખાનામાં ચોકડીની નિશાની કરો અને 'ગુયાનિઝ'માં લખો, તો તમારો પ્રતિભાવ કોઈક બીજા વંશ તરીકે ગણાશે.

## 7. હું મારા વંશ કરતાં મારા ધર્મને વિશેષ પ્રતિબિંબિત કરું છું. મારે શું કરવું જોઈએ?

વસતિ ગણતરીમાં ધર્મ અંગે માહિતી એકત્રિત કરાતી નથી. તમે 'શીખ' કે 'હિંદુ' એમ લખો, તો વસતિ ગણતરી કાર્યાલય તમને 'એશિયન ભારતીય' તરીકે ગણશે. તમે 'મુસ્લિમ' એમ લખો, તો વસતિ ગણતરી કાર્યાલય તમને ચોક્કસ વંશ તરીકે સંકેતબદ્ધ કરી શકશે અથવા નહીં કરી શકશે.

ચિત્રો RiniArt.org ના સૌજન્યથી

હકીકતપત્રિકા સાઉથ એશિયન અમેરિકન લિડીંગ ટુગેધર દ્વારા પૂરી પાડવામાં આવી છે, જે રાષ્ટ્રીય બિન-નફાકારક સંસ્થા છે. વસતિ ગણતરી 2010 અંગે વધુ માહિતી માટે, અમારી ભાષાંતર કરેલ હકીકતપત્રિકા અને સહાય મેળવવા, અમારો 301.270.1855 કે SAALT@SAALT.ORG પર સંપર્ક કરવા વિનંતી.